ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૬/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સરસાણા ખાતે ચેમ્બરની નવી ઓફિસ આજથી શરૂ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની નવી ઓફિસ સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આવેલા પ્લેટીનમ હોલની બાજુમાં નવી એસોસીએશન બિલ્ડીગમાં છઠ્ઠા માળે આજથી કાર્યરત કરવામાં આવી છે. છેલ્લા ઘણા વર્ષોથી ચેમ્બરની ઓફિસ નાનપુરા સ્થિત મકકાઇ પુલની બાજુમાં સમૃદ્ધિ બિલ્ડીગ ખાતે કાર્યરત હતી, જે બે દિવસ પહેલા સરસાણા ખાતે ખસેડવામાં આવી છે. રવિવાર, તા. ૪ જુલાઇ ૨૦૨૧ના રોજ ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાના હસ્તે ચેમ્બરની નવી ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર દ્વારા વર્ષોથી નિર્યાતકારોને સર્ટિફિકેટ ઓફ ઓરિજીન આપવાની કામગીરી કરવામાં આવે છે. આથી નિર્યાતકારોએ, ચેમ્બરના તમામ સભ્યોએ તથા સંબંધિત તમામ લોકોએ હવેથી સરસાણા ખાતે ચેમ્બરની નવી ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.